# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા.૧૮-૦૨-૨૦૧૨**

- **ગુજરાત સરકારે બદ ઇરાદાથી આલ્કોક એશડાઉન ( Alcock Ashdown Limited) કંપનીને ૧૦૦ કરોડ રૂપિયાની ખોટના ખાડામાં ઉતારી.**
- **ગુજરાતની પ્રતિષ્ઠિત આલ્કોક એશડાઉન કંપનીને પોતાના માનીતા ઉદ્યોગપતિઓને પધરાવવા મુખ્યમંત્રીશ્રીની મેલી મુરાદ.**
- **ભારત સરકારે એડવાન્સ નાણાં આપ્યાં, મુદત વધારી આપી તેમ છતાં આલ્કોક એશડાઉન કંપનીને નફાના બદલે ખોટમાં નાંખતી ગુજરાત સરકાર.**

ગુજરાત સરકાર ગુજરાતની આલ્કોક એશડાઉન (Alcock Ashdown Limited) જેવી પ્રતિષ્ઠિત કંપની કોઇક માનીતાને વેચી મારવાના બદ ઇરાદાથી નુકશાનીના ખાડામાં ધકેલી રહી છે. ભાવનગર ખાતે આવેલી ગુજરાત સરકારની આલ્કોક એશડાઉન કંપની કરોડો રુપિયાનો નફો કરીને ધમધમતી બની શકે તેમ હોવા છતાં બદ ઇરાદાથી એક કોન્ટ્રેકટમાં રૂ.૧૦૦ કરોડ કરતાં પણ વધારે ખોટ જાય તેવો ગેર વહીવટ કરેલ છે. ગુજરાત સરકારની આ કંપનીને ડિસેમ્બર-૨૦૦૬માં ભારત સરકારના રક્ષા મંત્રાલય દ્વારા નેવી માટે છ સર્વે વેસલ રૂપિયા ૬૯૮.૯૧ કરોડના ખર્ચે બાંધવાનો ખૂબજ નફાકારક કોન્ટ્રેક્ટ મળ્યો હતો. આલ્કોક એશડાઉન કંપનીને આ કોન્ટ્રેક્ટ મુજબ એક વેસલના ૧૦૯.૮૯ના ખર્ચે એક એમ કુલ છ વેસલના ૬૫૯.૦૩ કરોડ નક્કી થયેલાં. મોડીફિકેશન માટેના કામના વધારાના ૩૨.૯૭ કરોડ તેમજ પ્રોજેક્ટ મેનેજમેન્ટના ૬.૬૦ કરોડ ચુકવવાનો કોન્ટ્રેક્ટ થયેલો. આ કોન્ટ્રેક્ટ મુજબ આલ્કોક એશડાઉન કંપનીએ પ્રથમ વેસલ તા.૬ઠ્ઠી એપ્રિલ-૨૦૦૯ના આપવાનું અને બાકીના પાંચ વેસલ તા.૬ઠ્ઠી જુલાઇ-૨૦૦૯ થી તા.૬ઠ્ઠી જુલાઇ-૨૦૧૦ સુધીમાં આપવાના હતાં. કંપનીને નાણાંકીય મુશ્કેલી છે અને કોઇ બેન્કમાંથી એડવાન્સ મળતું નથી તેવી રજૂઆત કંપનીએ કરી હતી. કોંગ્રેસપક્ષ તરફથી ગુજરાતના હિતમાં કેન્દ્ર સરકારને વિનંતી કરીને આલ્કોક એશડાઉન કંપનીની માંગણી મુજબ કોન્ટ્રેક્ટની શરતમાં ન હોવા છતાં ૨૫૭.૧૫ કરોડ એડવાન્સ રૂપિયા ભારત સરકારના રક્ષા મંત્રાલયે આપેલાં છે. આમ એડવાન્સ નાણાં અને સારો કોન્ટ્રેક્ટ મળ્યા પછી સમય મર્યાદામાં કામ પૂરું કરીને આલ્કોક એશડાઉન કંપની કરોડો રૂપિયાનો નફો કરી શકે તેમ હતી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની નજર આલ્કોક એશડાઉન કંપની કોઇ માનીતા ઉદ્યોગપતિને પધરાવી દેવા માટે તત્પર હોવાથી નફો કરી શકે તેવા કામને રૂપિયા ૧૦૦ કરોડની ખોટમાં પલટાવવામાં આવેલ છે. પ્રથમ વેસલ તા.૬ઠ્ઠી એપ્રિલ-૨૦૦૯માં

આપવાનું હતું તે બદ ઇરાદાથી વિલંબીત કરવામાં આવ્યું. સમયસર કોન્ટ્રેક્ટ પૂરો ન કરવાથી કંપનીને નફાના બદલે નુકશાન થાય તે સ્વાભાવિક છે. કંપનીએ કોન્ટ્રેક્ટ મુજબ સમય મર્યાદામાં કામ પૂરૂં નહીં કરી શકવાની વાત લઇને મુદત વધારવા માટે ભારત સરકારમાં માંગણી કરેલી. ગુજરાતના હિતમાં કોંગ્રેસપક્ષે પણ કંપનીની આ રજૂઆતને મદદરૂપ થવા રક્ષા મંત્રાલયને વિનંતી કરી હતી અને પરિણામે રક્ષા મંત્રાલયે કંપનીને સમય મર્યાદા પણ વધારી સપ્ટેમ્બર-૨૦૧૧ થી માર્ચ-૨૦૧૩ સુધીમાં વેસલ પૂરાં પાડવાની મુદત વધારી આપી હતી. આમ છતાં ગુજરાત સરકારે આલ્કોક એશડાઉન કંપનીને નુકશાનીના ખાડામાં જ રાખવાના બદ ઇરાદાથી યોગ્ય વહીવટ કરેલો નહીં અને હજુસુધી આ કોન્ટ્રેકટનું કામ પૂર્ણ કરેલું નથી. આજની તારીખે કંપનીએ આ કોન્ટ્રેક્ટમાં કે જેમાં કરોડો રૂપિયાનો નફો થવો જોઇએ તે કોન્ટ્રેક્ટમાં અંદાજીત ૧૦૦ કરોડ રૂપિયાનું નુકશાન ચોપડે માંડેલું છે. જેના પરથી સ્પષ્ટ થાય છે કે, ગુજરાત સરકાર યેનકેન પ્રકારે ગુજરાતનું પ્રતિષ્ઠિત સાહસ કે જે ભાવનગર ખાતે આવેલું છે તે આલ્કોક એશડાઉન કંપનીને નુકશાનીના ખાડામાં રાખીને ડિસ ઇન્વેસ્ટમેન્ટના નામે માનીતા ઉદ્યોગપતિને વેચી મારવાની પેરવી કરે છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની વિકાસના નામે ગુજરાતની મહામૂલી મિલ્કતોને પ્રજાના હાથમાંથી પડાવી માનીતા ઉદ્યોગપતિઓને મફતમાં દઇ દેવાની નીતિનો વિરોધ કરેલ છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ